ખૂબ જ જરૂરી


સત્યમેવ જયતે

પી.બી.ઠાકર આઈ.એ.એસ.(નિ.)
નિયામક

નિયામક, સમાજ સુરક્ષા ખાતુ
બ્લોક નં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ગુજરાત રાજ્ય.
ફોન નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯


નં.સસુખા/અપગ/પરીપત્ર/૧૭-૧૮/૫૯૪૨

પરિપત્ર

તા. ૫/૦૬/૨૦૧૭

**વિષય :** સમાજ સુરક્ષા હસ્તકની અનુદાનિત સંસ્થાઓ તથા કર્મચારીઓએ પાલન કરવાના નિયમો બાબત.

આથી સમાજ સુરક્ષા ખાતા હસ્તકની તમામ સ્વૈ. ગ્રાન્ટ ઇન એઇડ કોડ હેઠળ અનુદાનિત સંસ્થાના વડાઓને જણાવવાનું કે, સંસ્થાઓના વડાઓને સરકાર દ્વારા અનુદાનિત સ્વૈચ્છિક સંસ્થાઓના કર્મચારીઓને સરકારના ગુજરાત રાજ્ય સેવા વર્તણૂક, શિસ્ત અને અપીલના નિયમો-૧૯૭૧ અને સરકારશ્રીના વખતોવખતના ઠરાવો પરિપત્રો લાગુ પડે છે. પરંતુ અનુભવ એવુ ધ્યાને આવેલ છે કે સંસ્થાઓ દ્વારા તેનુ પાલન થતુ નથી તેથી સંસ્થાઓના વડાઓએ તેમજ કર્મચારીઓ રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગની વેબસાઈટ gad.gujarat.gov.in પર ગુજરાત રાજ્ય સેવા વર્તણૂક, શિસ્ત અને અપીલના નિયમો-૧૯૭૧ના નિયમો મુકેલ છે તથા તેમાં જણાવેલ બાબતનો તથા નીચેની બાબતોનો ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

(૧) સ્ટાફ

૧) દરેક કર્મચારીએ સંસ્થાના નિયંત્રણ હેઠળ કામગીરી કરવાની રહેશે .સંસ્થાના કર્મચારીઓનો પગાર માત્ર નિયામક કચેરીએથી ચુકવાય છે તે સિવાય કર્મચારીઓ પર સંપુર્ણ સંસ્થાનુ નિયંત્રણ રહેશે

૨) સંસ્થામાં ફરજો બજાવતા કર્મચારીઓ માટે શૈક્ષણિક સમય એક સરખો રાખવાનો રહેશે. અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૩/૧૨/૨૦૦૮ ઠરાવના ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૩). ફરજ બજાવતાં કર્મચારીઓ રજા ઉપર જાય તો તેઓની રજાનો રીપોર્ટ સંસ્થાને લેખિતમાં આપવાનો રહેશે. લેખિતમાં જાણ વગર રજા ઉપર રહેલ કર્મચારી સામે અનઅધિકૃત રજા

ઉપર રહેવા બદલ કાર્યવાહી કરવાની રહેશે. પરચુરણ રજા માટેનુ સી.એલ.કાર્ડ નિભાવવાનુ રહેશે

(૪) નિવાસી શાળામાં રહેણાંકીય સ્ટાફ જેવો કે, ગૃહપતિ, એટેન્ડન્ટ, આયાને ફરજીયાત સંસ્થામાં રહી બાળકોની દેખરેખ રાખવાની રહેશે અને તેઓ નોન-વેકેશનલ સ્ટાફને વેકેશન દરમ્યાન વેકેશનનો લાભ મળવાપાત્ર રહેશે નહીં. આવા કર્મચારીઓને સંસ્થામાં રહેવાની વ્યવસ્થા સંસ્થા દ્વારા પૂરી પાડવાની રહેશે.

(૫) સંસ્થાના કર્મચારીઓએ તેમના હોદાની જે ફરજ નક્કી કરેલ હોય તે ઉપરાંત સંસ્થાના વડા તેમજ સમાજ સુરક્ષા તરફથી જે ફરજ સોપવામા આવે તે નિભાવવાની રહેશે

(૬) સંસ્થામાં ફરજ બજાવતાં કર્મચારીઓને સંસ્થાના વડાએ સોંપેલ ફરજો બજાવવાની રહેશે અને જો તેમ કરવામાં કસુર જણાય તો સંસ્થાના વડા મારફતે ગુજરાત રાજ્ય સેવા વર્તણૂક, શિસ્ત અને અપીલના નિયમો-૧૯૭૧ ના ઠરાવના નિયમોનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

(૭) એવું ધ્યાન પર આવ્યું છે કે સંસ્થાના કર્મચારીઓ વારંવાર વડી કચેરી ગાંધીનગર ખાતે કોઇપણ જાતની રજા મૂકયા વગર પોતાની રજુઆતો લઇ રૂબરૂ આવે છે અને સબંધિત કર્મચારી સાથે તેઓની રજુઆત બાબતે ઘણીવાર ઉગ્ર રીતે વાતચીત કરે છે. જેથી કચેરીના અન્ય કર્મચારીઓનું ધ્યાન કેન્દ્રીત થાય છે અને તેની કામકાજ પર અસર થાય છે. જે બરાબર નથી. તદ્ઉપરાંત ખાસ કરીને શિક્ષકોને વિશિષ્ટ બાળકોને શિક્ષણ આપવાનું હોય છે. તેઓ ભણાવવાનું છોડીને રજા મુકયા વગર આવતા હોય છે. આથી બાળકોનું ભણવાનું બગડે આમ સંસ્થાના વડાની મંજુરી વગર પોતાની રજુઆતો માટે અત્રેની કચેરીએ આવેલ છે તેવું ધ્યાને આવશે તો કર્મચારીની સાથે સાથે સંસ્થાના વડાની સામે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સંસ્થાએ સરકારી કામ માટે કોઇ કર્મચારીને મોકલે તો તેની મંજુરી સાથે મોકલવાના રહેશે.અને અંગત કામ માટે આવતા કર્મચારીઓને પરચુરણ રજા મૂકી સંસ્થાને જાણ કરી અત્રે આવવાનુ રહેશે.

(૮) સંસ્થાના વડાએ સંસ્થામાં અત્રેથી નિયત કરેલ વય મર્યાદા મુજબના જ બાળકોને રાખવાના રહેશે. અત્રે એવું ધ્યાને આવેલ છે કે ઘણી બધી સંસ્થાઓમાં ૨૧ વર્ષથી પણ વધુ વયના વ્યક્તિઓને રાખવામાં આવે છે. જેની અત્રેથી કોઇ મંજુરી આપવામાં આવતી નથી છતાં રાખવામાં આવેલ છે. અંતેવાસીઓના પ્રવેશ વયમર્યાદા બાબતે અત્રેનો તા ૨૭/૦૭/૧૯૭૩ ના પરીપત્રનો અમલ કરવાનો રહેશે .

(૯) કર્મચારીઓની કોઈપણ દરખાસ્ત સંસ્થા મારફતે મોકલી આપવાની રહેશે .

(બ) સેવા વર્તણૂક શિસ્ત અને અપીલ

(૧) સમાજ સુરક્ષા ખાતા હસ્તકની તમામ સ્વૈ. ગ્રાન્ટ ઇન એઇડ કોડ-૧૯૯૨ હેઠળની સંસ્થાઓ દ્વારા તમામ કર્મચારીઓની સર્વિસબુક, પર્સનલફાઇલ(PF) વ્યવસ્થિત રીતે નીભાવવાની રહેશે. સર્વિસબુકમાં સંસ્થા દ્વારા કોઇપણ આદેશ જેવા કે રજા મંજૂરી, ઇજાફા કે અન્ય કોઇ આદેશ હોય તો તેની નોંધ અને PF માં તે આદેશની નકલ ફાઇલ કરવાની રહેશે. સંસ્થાઓમાં માન્ય કરેલ સ્ટાફની શિસ્ત વિરોધી ગેરવર્તણૂક કરવા અંગેની ઘણી ફરીયાદો અત્રે મળેલ છે. સંસ્થાના વડા મારફતે કર્મચારી સામે કોઇપણ એકશન લેવામાં આવતા નથી. શિસ્ત અને અપીલના નિયમો અનુસાર તેઓને કાર્યવાહી કરવાની હોય છે પણ સંસ્થા તેમ કરતી નથી અને સંસ્થા સામે કર્મચારી માફી માંગે તો તેઓની અરજી દફતરે કરવામાં આવે છે. આથી કર્મચારી ફરીવાર આવી ગેરવર્તણૂક કરવા પ્રેરાય છે. સંસ્થના વડા દ્વારા તેઓની સામે ગુજરાત રાજ્ય સેવા વર્તણૂક, શિસ્ત અને અપીલના નિયમો-૧૯૭૧ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૨) સંસ્થાના વડા દ્વારા કર્મચારીઓને મૌખિક કે લેખિત ઠપકો આપ્યા વગર તેઓની બિન પગારી રજા તથા અન્ય રજાઓ મંજુર કરવામાં આવે છે. કર્મચારી ગમે ત્યારે ફરજ પર બેદરકાર રહી રજા પર જાણ કર્યા વગર ઉતરી જાય છે. સંસ્થાના વડા કોઇ કાર્યવાહી કર્યા વગર અત્રેથી મંજુરી લીધા સિવાય બિન પગારી કે ફરજ મોકુફી ઉપર ઉતારી દે છે અને કોર્ટ મેટર થાય ત્યારે નિયામક કચેરીને પાર્ટી બનાવે છે અને કર્મચારીએ ફરજો ન બજાવી હોય તો પણ તેઓને પગાર ભથ્થા ચુકવવાના થાય છે. આવા કેસોમાં ગુજરાત રાજ્ય મુલ્કી સેવા નિયમો (રજા),૨૦૦૨ તથા ગુજરાત રાજ્ય સેવા વર્તણૂક, શિસ્ત અને અપીલના નિયમો-૧૯૭૧ની ખાતાકીય તપાસની નક્કી કરેલ કાર્યવાહી મુજબ કાર્યવાહી કરી જે નિર્ણય લેવામાં આવે તેની જાણ વડી કચેરીને કરવી. સંસ્થાના વડા કર્મચારીને બરતરફ કે ફરજ મોકુફી પર અત્રેની બહાલી વિના કરી શકે નહીં.

(3) કોઇપણ કર્મચારી તેની ફરજ દરમ્યાન ગુનાહીત કૃત્ય (બિભત્સ વર્તન,ચોરી,ઉઠાંતરી,જાતીય સતામણિ) કરે ત્યારે તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશને લેખીતમા ફરીયાદ કરવાની પ્રથા રાખવી જેથી વારંવાર બનતી ઘટનાઓ પર નિયંત્રણ રાખી શકાય

(૪) દરેક સંસ્થામા સુચનપેટી-ફરીયાદપેટી, નિભાવવાની રહેશે જેમાબાળકો પોતાના સુચનો-ફરીયાદો મુકી શકશે અને કમીટીની હાજરીમા સુચનપેટી ખોલવાની રહેશે

નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,

૧) સમાજ સુરક્ષા ખાતાની સ્વૈ.સંસ્થાના પ્રમુખશ્રી,મંત્રીશ્રીને જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે

૨) સમાજ સુરક્ષા ખાતાની સ્વૈ.સંસ્થાના  કર્મચારીઓને સંસ્થાના વડા મારફત

<u>નકલ રવાના</u>

૧) નાયબ સચિવશ્રી,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ,ગુ.રા ગાંધીનગરને જાણ સારુ

૨) સમાજ સુરક્ષા ખાતાની તમામ શાખાઓના વડાને જાણ સારુ

૩) દરેક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે

૧૮૦